ચારૂતર વિદ્યામંડળની કામગીરી સમાજમાં પ્રભાવી રહી છે : પ્રયાસ્વિન પટેલ

સીવીએમના પ્રમુખ શ્રી પ્રયાસ્વિનભાઈના પ્રમુખપદે મળેલી ૯૩મી વાર્ષિક સાધારણ સભામાં અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ, ઉપપ્રમુખ શ્રી હસમુખભાઈ પટેલ, ટ્રસ્ટી શ્રી હેમંતભાઈ પટેલ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ : મંડળના ટ્રસ્ટીપદે ફરી શ્રી સુમંતભાઈ પટેલ અને શ્રી હેમંતભાઈ પટેલની બિનવિરોધ વરણી

વલ્લભ વિદ્યાનગર, તા. ૨૧

ચારુતર વિદ્યામંડળ(સીવીએમ)ના પ્રમુખ અને જાણીતા ઉદ્યોગપતિ શ્રી પ્રયાસ્વિનભાઈ પટેલે સીવીએમની પ્રગતિ અંગે સંતોષ વ્યક્ત કરતાં આગામી દિવસોમાં તમામ સભ્યો અને શુભેચ્છકોને આ મહાન સંસ્થાને ડૉ.એચ.એમ.પટેલ સાહેબનાં સ્વપ્નને સાકાર કરવાની શક્તિ પરમકૃપાળુ પરમાત્મા આપ સૌના સાથ-સહકારથી આપશે. હાથમાં લીધેલા શૈક્ષણિક પ્રકલ્પો પૂરા થયા હોવાથી અત્યારે ચાલતી શિક્ષણ સંસ્થાઓને સુદૃઢ કરવાનો અને તેમની સામે આર્થિક મુશ્કેલીઓ ન આવે એવો પ્રયાસ અમોએ હાથ ધર્યો છે.

ચારુતર વિદ્યામંડળ(સીવીએમ)ની ૯૩મી વાર્ષિક સાધારણ સભા ન્યૂ વલ્લભ વિદ્યાનગરસ્થિત એડીઆઈટી સભાગૃહમાં ગુરુવારે મળી હતી. સીવીએમના પ્રમુખ શ્રી પ્રયાસ્વિનભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી સભામાં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ, ઉપપ્રમુખ શ્રી હસમુખભાઈ પટેલ, ટ્રસ્ટી શ્રી હેમંતભાઈ પટેલ તથા માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત હતા.

સીવીએમની ૯૩મી વાર્ષિક સાધારણ સભા ગુરુવારે સાંજે ન્યૂ વલ્લભ વિદ્યાનગરસ્થિત એડીઆઈટી સભાગૃહમાં સીવીએમના પ્રમુખ શ્રી પ્રયાસ્વિનભાઈ પટેલની અધ્યક્ષતામાં અને ઉપપ્રમુખ શ્રી હસમુખભાઈ પટેલ, અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ તથા ટ્રસ્ટી શ્રી હેમંતભાઈ પટેલ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં યોજાઈ હતી. સભામાં સીવીએમની ગવર્નિંગ બૉડી અને કાઉન્સિલના સભ્યો, સભાસદો, સીવીએમની શૈક્ષણિક સંસ્થાઓના વડાઓ તેમજ આણંદ નગરપાલિકાના પ્રમુખ શ્રી પ્રજ્ઞેશ(ભઈલુ)પટેલ તથા વલ્લભ વિદ્યાનગર નગરપાલિકાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ(બાબાભાઈ)પટેલ હાજર હતા.

સભાના પ્રારંભમાં સીવીએમના માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલે પ્રમુખશ્રીની મંજૂરીથી સૌ સભાસદોને આવકારીને સભાનું કામકાજ શરૂ કરાવ્યું હતું. તેમણે મંડળની આર્થિક સધ્ધરતા અને પ્રગતિના આંકડાઓની ઝલક આપતાં કહ્યું હતું કે અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલના આર્થિક વ્યવસ્થાપનના પ્રતાપે ગત વર્ષમાં મંડળની મિલકતોમાં ૧૮ થી ૨૦ કરોડ રૂપિયાનો વધારો થયો છે, ફંડમાં ૨ કરોડનો વધારો થયો છે, રોકાણોમાં અઢી કરોડ રૂપિયાનો વધારો થયો છે, સંસ્થાઓની ખાધમાં રૂપિયા ૧.૮૮ કરોડનો ઘટાડો થયો છે તેમજ વર્ષે થાપણો પર ૪ થી ૫ કરોડ રૂપિયા જેટલું વ્યાજ આવક મળે છે.

સભાએ ગત વર્ષની સભાની કાર્યનોંધને મંજૂર કરવા ઉપરાંત ગત વર્ષમાં દિવંગત થયેલા સીવીએમના માનદ મંત્રી રહેલા પ્રિ.બી.એમ.ઠાકર અને શ્રી વિઠ્ઠલભાઈ સાહેબ તેમજ સામરખાના દાતાશ્રી નગીનભાઈ જેસંગભાઈ પટેલ ઉપરાંત અન્ય નામી અનામી સભ્યો, શુભેચ્છકો તથા કર્મચારીઓને અંજલિ અર્પવામાં આવી હતી. સભાએ વર્ષ ૨૦૧૨-૧૩ના અન્વેષિત હિસાબો તથા વિદ્યાકીય અહેવાલને મંજૂરી આપવા ઉપરાંત વર્ષ ૨૦૧૩-૧૪ માટે મંડળના અન્વેષકોની નિમણૂકને પણ સર્વાનુમતે મંજૂર કરી હતી.

સહયોગ આપીને વધુ પ્રગતિ સાધવા ભણી લઈ જવા માટે અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે સમયના અભાવના કારણે ચારુતર વિદ્યામંડળની બેઠકોમાં ભલે હું હાજરી આપી શક્યો ના હોઉં પરંતુ અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ અને તેમની ટીમના સભ્યો મને મંડળની પ્રગતિ અંગે નિરંતર વાકેફ કરતા રહ્યા છે. ઉપપ્રમુખ શ્રી હસમુખભાઈ પટેલે પણ સભાને સંબોધતાં કહ્યું હતું કે આપણે બધા ઉત્સાહથી ભેગા થઈએ છીએ અને સંસ્થાનું હિત આપણે હૈયે વસેલું છે એટલે સૌ સંપીને કામ કરીએ તેવી શુભેચ્છા.

સભામાં સીવીએમના બંને ટ્રસ્ટીઓ શ્રી સુમંતભાઈ પટેલ અને શ્રી હેમંતભાઈ પટેલની બિનવિરોધ પુનઃ નિમણૂક થયાની જાહેરાત પણ કરવામાં આવી હતી.

સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે વાર્ષિક સાધારણ સભામાં મંડળના પ્રમુખ શ્રી પ્રયાસ્વિનભાઈ પટેલ અને ઉપપ્રમુખ શ્રી હસમુખભાઈ પટેલની હાજરી અંગે આનંદ વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે છેલ્લાં ત્રણ વર્ષથી જે ખેલદિલીથી સભાસદો અને મંડળના તમામ શુભેચ્છકો કામ કરી રહ્યા છે તેનાથી ઘણી સારી પ્રગતિ શક્ય બની છે અને હજુ પણ જે કામો કરવાના છે તેમાં આપ સૌનો સાથ-સહકાર મળશે એવી શ્રધ્ધા છે. મારા પૂર્વસૂરિઓ પૂ.ભાઈકાકા, પૂ.ભીખાભાઈ સાહેબ અને

રાષ્ટ્રીય રમતોત્સવમાં ભાગ લેનાર ખેલાડીઓ માટે હિંમતનગરમાં કોચીંગ

હિંમતનગર, તા. ૨૧

ગુજરાતના યુવાનો અને યુવતીઓ છેલ્લા કેટલાક સમયથી રમતગમત ક્ષેત્રે ઉજ્જવળ દેખાવ કરી રહ્યા છે ત્યારે પંજાબના ભટીંડા ખાતે આગામી તા. ૨૮ નવેમ્બરથી ૩ ડિસેમ્બર સુધી યોજાનાર રાષ્ટ્રીય કક્ષાએ વિવિધ રમતોમાં ભાગ લેનાર ૧૦૪ ખેલાડીઓ તા. ૨૪ નવેમ્બરથી હિંમતનગર સ્ટેડિયમ ખાતે યોજાનાર કોચીંગ કેમ્પમાં ભાગ લેશે. ભટીંડા ખાતે યોજાનાર રાષ્ટ્રીય કક્ષાના રમતોત્સવમાં ગુજરાતના ૧૦૪ ખેલાડીઓ નેટબોલ, કબડ્ડી, બાસ્કેટબોલ સહિતની સ્પર્ધાઓમાં પોતાનું કૌવત દેખાડી ઉજ્જવળ દેખાવ કરનાર છે ત્યારે ગુજરાતની શાળાઓમાંથી હોકીમાં-૩૬, બાસ્કેટબોલમાં-૨૮, નેટબોલમાં-૨૮, કબડ્ડીમાં-૧૨ ખેલાડીઓની પસંદગી થતાં તેમના માટે હિંમતનગરના સ્ટેડિયમમાં કોચીંગનું આયોજન કરાયું છે. આ કોચીંગ કેમ્પમાં મોહમંદ આરીફખાન ભટ્ટ, પાર્થ ચૌહાણ, વિશાલ શાહ, ગૌરવ મકવાણા, ગૌરવ નરે, વિજેન્દ્ર, ડિંપલ પટેલ ખેલાડીઓને તાલીમ અને માર્ગદર્શન આપશે.

પ્રાંતિજ તાલુકાના કાટવાડ ખાતે રીક્ષા ઉંધી વળતાં એક મહિલાનું કરૂણ મોત

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે નંબર-૮ પર તા. ૨૧મીને સાડાચાર વાગ્યે એક રીક્ષા પલ્ટી ખાતા મોયદની એક મહિલાનું કરૂણ મોત નિપજ્યું હતું.

નેશનલ હાઈવે આઠ પર તા. ૨૧મીના સાંજના સાડાચાર વાગ્યે પ્રાંતિજ તાલુકાના મોયદ ગામના જનકબા જાબુસિંહ રાઠોડ ઉં.વ. ઉપનું સારવાર દરમ્યાન તેમને અંતિમ શ્વાસ લઈ લેતા સમગ્ર પંથકમાં શોકનું મોંજુ ફળી વળ્યું હતું. પ્રાંતિજ પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી છે.

વાલ્મિકી સમાજનું સ્નેહ સંમેલન યોજાયું

પ્રાંતિજ, તા. ૨૧

તાજેતરમાં સાબરકાંઠા અરવલ્લી જિલ્લા વાલ્મિકી સમાજનું સ્નેહ સંમેલન અને સંસ્થાની વાર્ષિક સાધારણ સભા હિંમતનગર ખાતે સંત શિરોમણી શ્રી ડાહ્યારામ બાપુ. માંકડી, સંસ્થાના પ્રમુખશ્રી આર.કે. ચૌહાણ, ચીફ પેટર્નશ્રી જી.એમ. રાઠોડ, ડી.એન. સોલંકી, વાલ્મિકી વિકાસ પરીષદના પ્રમુખશ્રી એ.બી. મકવાણા, સામાજીક કાર્યકરશ્રી ડાહ્યાભાઈ એચ. સોલંકી તથા શ્રી કે.પી. સોલંકી મહામંત્રી-કોંગ્રેસ-ગાંધીનગરની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં વાલ્મિકી સમાજના વિશાળ હિતમાં સમૂહલગ્ન, વિદ્યાર્થીઓ અને વડીલોનું સન્માન અને સફાઈ કામદારોનાં વિવિધ પડતર પ્રશ્નો સંદર્ભે જલદ આંદોલન જેવાં કાર્યક્રમોની ચર્ચા થઈ હતી. કાર્યક્રમનું સફળ સંચાલન મહામંત્રીશ્રી એ.કે. રાઠોડે કર્યું હતું.

પાટણ જિલ્લામાં ગ્રામ્ય કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ

પાટણ, તા. ૨૧

પાટણ જિલ્લાનો ગ્રામ્ય કક્ષાનો સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્મે તા. ૨૭/૧૧/૨૦૧૩ના રોજ સંબંધકર્તા મામલતદાર કચેરી, ખાતે યોજાશે. પાટણ તાલુકાનો સ્વાગત કાર્યક્રમ કલેકટરશ્રી, પાટણના અધ્યક્ષપણા હેઠળ યોજાશે. સિધ્ધપુર તાલુકાનો સ્વાગત કાર્યક્રમ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પાટણના અધ્યક્ષસ્થાને યોજાશે. ચાણસ્મા તાલુકાનો સ્વાગત કાર્યક્મ પોલીસ અધિક્ષકશ્રી, પાટણના અધ્યક્ષસ્થાને યોજાશે. તેમજ સમી-મામલતદાર કચેરી, સાંતલપુર-મામલતદાર કચેરી, હારીજ-મામલતદાર કચેરી, રાધનપુર-મામલતદાર કચેરી ખાતે તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ સંબંધિત તાલુકાના લાયઝન અધિકારીશ્રીના અધ્યક્ષપણા હેઠળ યોજવામાં આવશે.

ગ્રામ સ્વાગત માટેની અરજીમાં અરજદારશ્રીએ પોતાનું નામ, રહેઠાણનું સરનામું, ફોન, મોબાઈલ નંબર, ઈ-મેલ જો હોય તો તે વિગતો દર્શાવી પોતાની અરજી સબંધિત ગામના તલાટી કમ મંત્રીશ્રીને આપવાની રહેશે. તલાટી કમ મંત્રીશ્રીએ અરજદારશ્રીની અરજીની સબંધિત ગામના વિલેજ સેન્ટરમાં http://swagat.guj.nic.in પર ઓન લાઈન ડેટા એન્ટ્રી કરવાની રહેશે. આ અરજી પર ઓન લાઈન જનરેટ થયેલ નંબર લખવાનો રહેશે., અને આ -કારની અરજીઓ સબંધિત તાલુકા મામલતદારશ્રીને તાલુકા સ્વાગત માટે રૂબરૂમાં પહોંચાડવાની રહેશે.

ઈલોલમાં પશુ ચોરતી ટોળકી સક્રિય

હિંમતનગર, તા. ૨૧

હિંમતનગર તાલુકાના ઈલોલ ગામે છેલ્લા કેટલાક દિવસથી રાત્રે આવી પશુઓની ચોરી કરી જતી ટોળકી સક્રિય બની છે ત્યારે બુધવારે વહેલી સવારે હાઈસ્કૂલ પાસે ઉભી રખાયેલી પાંચ ગાયોને લઈ જવાતી હતી ત્યારે ગામના કેટલાક યુવાનોએ આ ટોળકીના સભ્યોને પડકારી ત્રણ ગાયોને બચાવી લીધી હતી. જો કે વહેલી સવારે થયેલા હોબાળાને કારણે અનેક લોકો જાગી ગયા હતા.

આ અંગેની વિગત એવી છે કે ઈલોલમાં છેલ્લા કેટલાક સમયથી પશુચોર ટોળકી સક્રિય બની છે. બીજી તરફ ગામમાં અનેક પશુઓ રખડે છે ત્યારે બુધવારે વહેલી સવારે અજાણ્યા શખ્સો વાહન લઈને ગામમાં આવેલી હાઈસ્કૂલ પાસે ઉભા હતા. ત્યારબાદ તેમણે પાંચ ગાયોને પકડી રસ્સી સાથે બાંધી દીધી હતી અને તેમને કતલખાને લઈ જવાના આશયથી વાહનમાં બેસાડી રહ્યા હતા ત્યારે ગામમાં રહેતા અરવિંદસિંહ મકવાણા, જયેશસિંહ રાઠોડ, લાલસિંહ મકવાણા, કાળુસિંહ ચૌહાણ અને દલપતસિંહ રાઠોડને ખબર પડતા તેઓએ દોડી આવી પશુચોર ટોળકીને પડકારી હતી. જેના કારણે વાહન લઈને આવેલા અજાણ્યા ઈસમો બે ગાયોને લઈ જતા રહ્યા હતા. જો કે યુવાનોએ ત્રણ ગાયોને દોરડુ બાંધેલી હાલતમાં બચાવી લીધી હતી. ગ્રામજનોનું કહેવું છે કે છેલ્લા કેટલાક સમયથી ગામમાં પશુચોર ટોળકી સક્રિય થઈ છે ત્યારે પોલીસ પોઈન્ટ શરૂ કરવો જોઈએ.

પાલનપુર જામપુરા વિસ્તારમાં પાલિકાની મંજુરી વગર કોમ્પલેક્ષ ઉભું કરાયું

આરટીઆઈની માહિતીમાં પાલિકાએ મંજુરી નહી આપેલ હોવાનો ખુલાસો

પાલનપુર, તા. ૨૧

પાલનપુર શહેરનો વિકાસ દિન પ્રતિદિન વધતો જાય છે તેમ તેમ નવા બાંધકામોનો ગ્રાફ પણ વધતો જ જાય છે. શહેરના જામપુરા વિસ્તાર પ્રાથમિક શાળા અને જામપુરાના મુખ્ય દરવાજા પાસે પાલિકાની મંજુરી વગર જ એક કોમર્શિયલ અને રહેણાંક બાંધકામ ઉભુ કરી દેવામાં આવ્યું છે. આ સંદર્ભે માહિતી માંગતા નગરપાલિકાએ આ બાંધકામની કોઈ જ મંજુરી આપેલ નથી તેવુ લેખિતમાં જણાવેલ છે. આમ છતાં નગરપાલિકા દ્વારા આ બાંધકામ અંગે કોઈજ પગલાં લેવાયા નથી તે આંચકાજનક બાબત છે.

પાલનપુર નગરપાલિકાના વોર્ડ નં. ૮ના જામપુરા વિસ્તારના મુખ્ય માર્ગ પાસે સીટી સર્વે નં. ૧૩૮૭૭ માં ઈલીયાસભાઈ માછલીયાએ કોમ્પલેક્ષનું બાંધકામ કરી નાખેલ છે જેની માહિતિ સિતાબભાઈ કાદરીએ આરટીઆઈથી મંગાવતા પાલિકાએ ૨૪૯૭/૧૩-૧૪ નંબરથી તા. ૧૩-૧૧-૨૦૧૩ના રોજ આઈડી ક્રમાંક ૯૩૪૯ થી તા. ૫-૧૦-૧૩ની અરજીની માહિતી આપેલ હતી. જેમાં જાહેર માહિતી અધિકારી અને પાલનપુર નગરપાલિકાના મુખ્ય અધિકારીએ લેખિતમાં માહિતી આપેલ હતી. આ માહિતીમાં સ્પષ્ટ જણાવેલ છે કે સદર કોમ્પલેક્ષ નગરપાલિકાની મંજુરી વગર જ ગેરકાયદેસર રીતે મુખ્ય માર્ગ પર તમામ નિતી નિયમોના ધજાગરા કરી કોઈ ખાસ પાર્ટી દ્વારા પોતાની ધોરાજી ચલાવીને ઉભું કરાયુંછે.

નવાઈની વાત તો એ છે કે આ ગેરકાયદેસર કોમ્પલેક્ષની સામેજ પાલનપુર નગરપાલિકાના ટાઉન પ્લાનીંગ કમિટીના ચેરમેનનનું નિવાસસ્થાન આવેલું છે. પાલિકા અને ટાઉન પ્લાનીંગ ચેરમેનને ચેલેન્જ કરતા આ બાંધકામની માહિતી ૩૨ દિવસ પછી આપવામાં આવી હતી. પરંતુ આ સમય દરમ્યાન પાલિકાના પ્રમુખ, ચીફ ઓફિસર, ટી.પી. કમિટીના ચેરમેન તથા ટીપી ઈજનેર વગેરેમાંથી કોઈએ પણ આ ગેરકાયદેસર બાંધકામ સામે પગલાં ભરવાની તસ્દી કેમ લીધી નથી તે અંગે પ્રજામાં જાતભાતના તર્કવિતર્કો ફેલાવા પામેલ છે. આ બાંધકામ કોની રહેમ નજર હેઠળ કરી દેવાયું છે તે અંગે પણ લોકોમાં અનેક શંકા-કુશંકાઓ પ્રવર્તી રહી છે. તેમજ સત્વરે આ બાંધકામ વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી નગરવાસીઓમાં માંગ ઉઠવા પામી છે.

ટ્રેનની ટકકરે જીપ હવામાં ઉછળી

મોડાસાથી નડિયાદ જતી ટ્રેન સાથે બોલેરો જીપ ટકરાતાં હવામા ઉછળી : મુસાફરોનો આબાદ બચાવ-ફાટકને દરવાજા લગાવવા માંગ

ધનસુરા, તા. ૨૧

મોડાસાથી વહેલી સવારે ઉપડી નડિયાદ જતી ટ્રેઈન દોલપુર કંજોડીયા રેલવે ફાટક આવી ત્યારે એક બોલેરો જીપ રેલવે ક્રોસીંગ આગળથી પસાર થવાની લાલચે ટ્રેઈની ટકકરે હવામાં ફુગ્ગાની માફક ઉછળી દૂર ખાડામાં ખાબકી હતી. સદનસીબે આ જીપમાં મુસાફરી કરી રહેલ બંનેને સામાન્ય ઈજાઓ બાદ કરતા આબાદ બચાવ થયો હતો.

બોલેરો જીપના ચાલકની અક્ષમ્ય બેદરકારીના કારણે આ ઘટના બનવા પામી હતી. મોડાસાથી સવારે ૬.૩૦ વાગે ઉપડતી રેલવે નડિયાદ તરફ જતી હતી ત્યારે આ જીપ ડ્રાયવર ક્રોસીંગ પર જીપ લઈને પહોંચ્યો હતો તેને થયું કે ટ્રેઈન આવતા પહેલા પોતે ઝડપથી ફાટક પસાર કરી દેશે આમ વિચારી તેણે પોતાની સાથે જીપમાં બેઠેલા મુસાફરોનો જીવ પણ જોખમમાં મુકી ફાટક ક્રોસ કરવા પ્રયાસ કર્યો હતો પરંતુ ટ્રેઈન તેની ધારણા કરતા ખૂબ ઝડપે આવી જતા જીપને ટકકર લાગી હતી. આ ટકકર એટલી જોરદાર હતી કે જીપ હવામાં એક ફુગ્ગાની જેમ ઉછળીને બાજુના ખાડામાં જઈને ખાબકી હતી. આ ખાડો ૧૫ થી ૨૦ ફુટ ઉંડો હતો. જેથી જીપનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો પરંતુ જીપમાં બેસેલા ડ્રાઈવર ગુલાબપુરાના રહેવાસી પ્રતાપસિંહ નાથુસિંહ પુજારા અને કંજોડીયાના ચેહરસિંહ ચંદસિંગ રાઠોડ બંનેને નાની મોટી સામાન્ય ઈજાઓ થયેલ હતી. આથી બંનેને તાત્કાલિક ધનસુરા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવતા ફરજ પરના ડૉ. પવનકુમારે સારવાર કરી ધનસુરા પોલીસ સ્ટેશને જાણ કરતા પોલીસે અકસ્માતનો ગુનો દાખલ કરી જમાદાર દિનેશભાઈએ તપાસ આદરી હતી.

આખી ઘટનામાં આશ્ચર્ય એ વાતનું છે કે માનવરહિત દરવાજા વગરના રેલવે ક્રોસીંગ પર ટ્રેઈન આવતી હોવા છતાં ડ્રાઈવર બે પાંચ મિનિટની પણ રાહ જોઈ શકયો નહી અને જીવ જોખમમાં મુકી ફાટક ઓળંગવા પ્રયાસ કર્યો. ફાટક વિનાના આ રેલવે ક્રોસિંગ પર ભવિષ્યમાં આવી રીતે કોઈ મોટો ગંભીર અકસ્માત ના સર્જાય તે માટે દરવાજા લગાડી ગેઈટમેન મુકવો જોઈએ તેવી વાહનચાલકો અને આસપાસના વિસ્તારના નાગરિકોમાં માંગણી ઉઠવા પામેલ છે.

સાબર ડેરી કર્મચારી મંડળીએ દિવાળી પર્વમાં અનોખો ચીલો ચાતર્યો

હિંમતનગર, તા. ૨૧

પ્રતિ વર્ષે દિવાળી પર શુધ્ધ ઘીની મીઠાઈઓ અને શુધ્ધ તેલમાં ફરસાણની માંગ ગ્રાહકોમાં વધતી જાય છે. પ્રવર્તમાન દિવસોમાં ભેળસેળવાળા ઘી અને માવાની મીઠાઈઓ અને અશુધ્ધીવાળા તેલમાં ફરસાણ બનાવ્યા અંગે તથા કાબૂ વિનાના દરો થતાં આવી વસ્તુઓના વેચાણ અંગેના અહેવાલો વારંવાર મીડીયામાં ચમકતા રહેતા હોવાથી ગ્રાહકને તહેવારોમાં કયાંથી અને કેવી રીતે મીઠાઈ કે ફરસાણ ખરીદવું તે એક મોટી સમસ્યા છે. આવા સંજોગોમાં આ વર્ષે દિવાળી પર્વ દરમિયાન સાબર ડેરી કર્મચારી મંડળીએ જિલ્લામાં ઉપલબ્ધ થઈ રહે તે રીતે આયોજન કરી શુધ્ધ ઘીની મીઠાઈઓ અને શુધ્ધ તેલમાં બનાવેલ ફરસાણ એકદમ કીફાયતી દામથી ગ્રાહકોને ઉપલબ્ધ કરાવીને ગ્રાહક લક્ષી અભિગમ અપનાવી ગ્રાહકોમાં અપ્રતિમ લોકપ્રિયતા મેળવ્યાના અહેવાલો સાંપડી રહ્યા છે. આ વર્ષે મંડળીએ શુધ્ધ ઘીનો મોહનથાળ, કાજુકતરી, કાજુ, અંજીર રોલ, ગલેફા જેવી મીઠાઈઓ અને સેવ, ફુલવડી, ગાંઠિયા, ચવાણું, પાપડી જેવા ફરસાણ સાકર બ્રાન્ડની આકર્ષક પેકીંગમાં મુકીને ગ્રાહકોનો વિશ્વાસ જીતી લીધો હતો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એકસકલુસિવ શો-રૂમ

AGL Radhe

TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૦૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામ મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE | કેસ્ટ્રોલ

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન